**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૦૮/૨૦૧૯ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૭૫ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૬૭/૧૯

**સોલા હાઇકોર્ટ** : હિતેશભાઇ રામસમુચ યાદવ (રહે.ગોપીનાથનગર સોસાયટી, આઇ.સી.બી.આઇસ લેન્ડ ફ્લેટની બાજુમા વંદેમાતરમ સીટી, ગોતા) એ તા.૧૩/૮/૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૧૮ થી તા.૧૨/૦૮/૨૦૧૯ સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી શીવમ રવિશંકર યાદવ (રહે.ગોપીનાથનગર સોસાયટી, આઇ.સી.બી. આઇસ લેન્ડ ફ્લેટની બાજુમા વંદેમાતરમ સીટી, ગોતા) એ હિતેશભાઇને વિશ્વાસમાં લઇ, બે સોનાના દોરા કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- તથા દેના બેંકના ખાતામાંથી રૂપિયા ૫,૬૭,૧૨૮/- એ.ટી.એમ. થી ઉપાડી તેમજ ઓનલાઇન ટ્રાન્જકશન કરી કુલ રૂપિયા ૭,૪૨,૧૬૮/- મેળવી લઇ, હિતેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**પાલડી** : ઉત્સવભાઇ યોગેશભાઇ શાહ (ઉ.વ.૨૮)(રહે.અર્ક એવન્યુ, ન્યુ વિકાસગૃહ રોડ, પાલડી) એ તા.૧૩/૮/૧૯ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૧૯ ના કલાક ૯/૪૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન એક અજાણ્યો પુરૂષ (૫૦ વર્ષના આશરાનો) એ ઉત્સવભાઇના ઘરે આવી, “રૂપિયા પાત્રીસ લાખ ફીક્સ ડીપોઝિટ કરવાની વાતચીત કરવા આવેલ છુ”. “હું સેમસંગ કંપનીમાં નોકરી કરુ છુ. હું તમને સેમસંગ કંપનીના મોબાઇલ, એ.સી, એલ.ઇ.ડી, વોશીંગ મશીન સસ્તી કિમંતે અપાવી શકુ છુ” તેમ કહિ ઉત્સવભાઇ ને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- તેમજ રૂપિયા ૪૫,૦૦૦/- એક્સિસ બેંકના ખાતામાં જમા કરાવડાવી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/-મેળવી લઇ, આજદિન સુધી રૂપિયા પરત નહિ કરી, ઉત્સવભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

**ઓઢવ** : અશોકભાઇ કાંતીભાઇ પટેલ (ઉ.વ.૫૨)(રહે.વૃંદાવન બંગલોઝ વિભાગ-૪, પકવાન સીંધુભવન રોડ, મેપલ કાઉન્ટ્રીની બાજુમા, સોલા) એ તા.૧૩/૮/૧૯ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૯ થી જુલાઇ/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન સુર્યમ એલીગન્સ સાઇડની ઓફીસ ખાતે કામ કરતા આરોપી ઉમંગ વિષ્ણુભાઇ પ્રજાપતિ (રહે. સુર્યમ એલીગન્સ, ઓઢવ) એ અશોકભાઇ ને ફ્લેટ બુક કરાવનાર ૩૬ મેમ્બરોને દસ્તાવેજ કરી આપવાની લાલચ આપી, સ્ટેમ્પ ડ્યુટીના અને રજીસ્ટ્રેશન ફી ના નાણા કુલ રૂપિયા આશરે ૫૧,૦૦,૦૦૦/- અલગ-અલગ મેમ્બરો પાસે મેળવી લઈ, અશોકભાઇની કંપનીમાં જમા નહી કરાવી, કંપની સાથે તેમજ મેમ્બરો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૬૮/૧૯</u>

**નારણપુરા** : કામીનીબહેન રાકેશભાઇ ગાંધી (ઉ.વ.૫૫)(રહે.સુંદરનગર સોસાયટી, મનીષ હોલની બાજુમા નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૯ સાંજના ૬/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૮૮,૫૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.રાઠોડ ચલાવે છે.

**આનંદનગર** : હર્ષદભાઇ હરીભાઇ બોસીયા (ઉ.વ.૫૦)(રહે.કેસર કોમ્પલેક્ષ સાગર ફ્લેટની બાજુમા શ્યામલ ચાર રસ્તા સેટેલાઇટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૮/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૨,૦૨,૬૯૬/- અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૨,૬૯૬/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.બલોચ ચલાવે છે.

**બાપુનગર** : રીતુબહેન વા/ઓ સંદિપભાઇ અગ્રવાલ (ઉ.વ.૩૦)(રહે.હરિઓમનગર સોસાયટી વિદ્યાનગર સ્કુલની બાજુમા બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૧૦/૧૫ થી ૧૦/૨૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એન.તાવીયાડ ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૬૯/૧૯</u>

**સોલા હાઇકોર્ટ** : સુનીલભાઈ નવીનભાઈ પરીખ (ઉ.વ.૪૧)(રહે.ગોલ્ડન લોટર્સ પાણીની ટાંકીની ગલીમાં સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રિલ/૨૦૧૯ થી તા.૧૨/૮/૧૯ બપોરના ૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં નોકર તરીકે કામ કરતા શકમંદ આરોપી પંકજભાઈ અને તેમની પત્નિ તેમજ તેમના પછી ઘરકામ કરવા માટે આવેલ અંજલીબહેન અને તેમના પતિ અને તેમનો ભાઈ માંથી કોઇપણ વ્યક્તિએ સુનીલભાઇના ઘરના બેડરૂમના લોકરમાં રાખેલ સોનાના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**ખાડીયા** : હસમુખભાઇ રમણીકલાલ કંસારા (ઉ.વ.૬૪)(રહે.કપીધ્વજ બંગ્લોઝ વિભાગ-૨ ધનંજ્ય ટાવરની સામે શ્યામલ ચાર રસ્તા સેટેલાઇટ) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૯ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે માંડવીની પોળમાં આવેલ "ઉન્નતિ સેલ્સ" નામની પોતાની દુકાનમાં હાજર હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ભેગામળી દુકાનમાં આવી હસમુખભાઇની નજર ચુકવી, ટેબલ નીચે મુકેલ રોકડા રૂપિયા ૧,૭૦,૦૦૦/- અને પંજાબ બેંકની ચેકબુક મુકેલ હેન્ડ બેગની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોસ્વામી ચલાવે છે.

**એલીસબ્રીજ** : નિરવભાઈ હરેશભાઈ ભટ્ટ (ઉ.વ.૩૭)(રહે.શિવાલય એપાર્ટમેંટ આમ્રકુંજ સોસાયટી, નહેરૂનગર આંબાવાડી એલીસબ્રીજ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૬/૧૫ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમના ટેબલ ઉપર પડેલ અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન કુલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.જેબલીયા ચલાવે છે.

**નિકોલ** : શૈલેષભાઇ ડાયાભાઇ પટેલ (રહે.પ્રહલાદ રેસીડેન્સી સેંટ મેરી સ્કુલની પાછળ નવા નરોડા) એ તા.૧૩/૦૮/૧૯ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૭/૧૯ સાંજના ૬/૩૦ થી ૬/૪૦ વાગ્યા દરમ્યાન નિકોલ મનમોહન ચાર રસ્તા પાસે આવેલ જે.આર.ત્રીપાઠી નોટરી આગળ રોડ ઉપર પોતાનુ મોટર સાયકલ પાર્ક કરી પાણી પીવા સારૂ ગયેલ હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ મોટર સાયકલ ઉપર થેલામાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.છાસટીયા ચલાવે છે.

**<u>વીજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૦/૧૯</u>**

**જી.આઇ.ડી.સી. વટવા** : ઇંદીરાસિંગ મુન્નાસિંગ લોધી (ઉ.વ.૧૯)(રહે.ફેઝ-૨ વટવા રેલવે સ્ટેશન સામે રાજવી સિનેમા ઉપર વટવા) તા.૧૩/૦૮/૨૦૧૯ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા પ્લોટ નંબર ૨૯૯ કીરીડાઇઝ કેમીકલ કંપનીમાં સ્પ્રે ડાયર ઉપર પાણીનો છંટકાવ મારતા હતા દરમ્યાન અચાનક વીજ કરંટ લાગતા બેભાન થઇ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતા, ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૧/૧૯</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : યોગેશ અશોકકુમાર તીર્થધચાની(ઉ.વ.૩૭)(રહે.આશ્રય સ્ટાફ કવાર્ટસ વિભાગ-૧ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૧૨/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ ગાંધીબ્રીજ નજીક સાબરમતી નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિશારઅહેમદ ઉસ્માનમિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.